નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
બ્લૉક નં.૧૬,ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગુજરાત રાજ્ય
ગાંધીનગર- ૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯ ૨૩૨૫૬૩૦૯
ઇ.મેલ:dir-sd@gujarat.gov.in

सत्यमेव जयते

નં.મકમ/પરિપત્ર/૨૦૧૮-૧૯/ ૫૩ તા.૦૧/૦૧/૨૦૧૯

## પરિપત્ર

વિષય: માન.સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓ સાથે સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારીઓના વ્યવહાર તેમ જ તેમના પત્રો અંગે કરવાની કાર્યવાહી બાબતે સુચનાઓ.

સંદર્ભ: ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક:વહસ-૧૦૨૦૧૮-૩૬૬-વસુતાપ્ર-૨ તા.૦૫/૧૦/૨૦૧૮.

માન.સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓ સાથે સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારીઓના વ્યવહાર તેમ જ તેમના પત્રો અંગે કરવાની કાર્યવાહી બાબતે ઉક્ત સંદર્ભને ધ્યાને લઇને નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

૨. ભારત સરકારના તા.૦૮/૦૧/૭૪ના અને તા.૦૧/૧૨/૨૦૧૧ અને ઓફિસ મેમોરેન્ડમ દ્વારા સરકારના વહીવટીતંત્ર તથા જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓએ માન.સંસદસભ્યશ્રીઓ તથા માન.ધારાસભ્યશ્રીઓ સાથે વિવેકપૂર્ણ અને સૌજન્યભરી ભાષાનો ઉપયોગ થાય તેમ જ તેમનું માન જળવાય તે માટે ખાસ તકેદારી રાખવા નીચે મુજબ સૂચના આપવામાં આવેલ છે.

- માન.સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓની પ્રજાના પ્રતિનિધિ તરીકે કચેરીની મુલાકાત દરમ્યાન સરકારી અધિકારીશ્રીઓએ તેમનું માન જળવાય અને વિવેકપુર્ણ વ્યવહાર થાય તે અંગે ખાસ ધ્યાન રાખવું.
- માન.સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓ માટે પ્રરાંગોપાત બેઠક વ્યવસ્થા અંગે તકેદારી રાખવી.
- માન.સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓ પત્રોને પ્રાથમિકતા આપી તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવી.

૩. સચિવાલયના સર્વે વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડાઓને ઉપર્યુક્ત સુચનાઓનું ચુસ્ત રીતે પાલન થાય તે જોવા અને તે માટે જરૂરી પગલાં લેવા ફરીથી ભારપૂર્વક જણાવવામાં આવે છે, વિભાગો હેઠળના કોર્પોરેશન/બોર્ડોને પણ સંબંધિત વિભાગોએ ઉપરોક્ત સૂચનાની જાણ કરવા અને તેનો ચૂસ્તપણે અમલ કરવા અંગે જરૂરી સૂચનાઓ આપવી.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય ગાંધીનગર

P.T.O

<u>પ્રતિ:</u>

૧) તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ તથા કાર્યવાહી કરવા સારૂ.

૨) તાબાની તમામ સરકારી સંસ્થા/કચેરીઓ તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

૩) વડી કચેરી ખાતેની તમામ શાખાઓને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

a) હિસાબી શાખા

b) સંકલન શાખા

c) વૃધ્ધ શાખા

d) બલભ શાખા

e) સીપીડી શાખા

f) અપગ શાખા

g) મહેકમ શાખા

h) ડી.પી. સેલ શાખા

૪) અંગત ફાઈલ

૫) આદેશ ફાઈલ